તારીખ : ૨૭-૫-૨૦૧૯ સોમવાર દિવ્ય ભાસ્કર

(૧૬)



### પ્રમુખપદનું પદચિહ્ન પહેરાવી હોદ્દો સોંપી પ્રમુખના સ્થાને બિરાજમાન કરાયા

# જામનગર ચેમ્બર ઓફ કોમર્સના નવનિયુક્ત પ્રમુખનો પદગ્રહણ સમારોહ યોજાયો

ભાસ્કર ન્યૂઝ | જામનગર



જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની સત્રાંત વાર્ષિક સામાન્ય સભા અને નવનિયુક્ત પ્રમુખ બિપેન્દ્રસિંહ જાડેજાનો પદગ્રહણ સમારોહ યોજવામાં આવ્યો હતો. સમારોહમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ ડો. જૈમિન આર. વસા, ધનરાજભાઈ પી.નથવાણી, દુર્ગેશ વી.બુચ, હેમંત એન. શાહ, જામનગર જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારી પ્રશસ્તિબેન પરીક, વી.પી.વૈશ્નવ ઉપરાંત ચેમ્બરના સર્વે સામાન્ય સભ્યઓ, પૂર્વ પ્રમુખઓ, કારોબારી સમિતિના સર્વે સભ્યઓ, ચેમ્બર સંલગ્ન સર્વે એસોસીએશનના પ્રમુખ તથા માનદમંત્રી સહિતના ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમમાં બેઠકના પ્રથમ સેશનમાં સત્રાંત વાર્ષિક સામાન્ય સભામાં ચેમ્બર પ્રમુખ તુલસીભાઈ વી.ગજેરાએ જણાવેલ કે તેમના બે વર્ષના કાર્યકાળ દરમિયાન સભ્યોના મળેલ સાથ સહકાર બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી અને બે વર્ષના કાર્યકાળ દરમિયાન ઘણા પ્રશ્નોના નિરાકરણ થયેલ તેનો ઉલ્લેખ કર્યો હતો અને જીએસટીના પ્રશ્નોના ઉકેલ માટે નિરાકરણ લાવવા પ્રયાસો હાથ ધરેલ તે અંગેની ચર્ચા કરી હતી.

ત્યારબાદ ચેમ્બરના બંધારણની જોગવાઈ તથા એજન્ડા અનુસાર પ્રથમ સેશનની કાર્યવાહી કરવામાં આવી હતી અને નવા પ્રમુખ બિપેન્દ્રસિંહ જાડેજા તથા નવી કારોબારી સમિતિની ટીમની સાથે મળી કાર્ય કરવાની ખાત્રી આપી હતી તથા વિધિવત રીતે નિવૃત થતા પ્રમુખ તુલસીભાઈ વી. ગજેરાએ સને 2019-21ના સત્ર માટે નવા વરાયેલા પ્રમુખ બિપેન્દ્રસિંહ સી.જાડેજાને ચેમ્બર પ્રમુખપદનું પદચિન્હ પહેરાવી પ્રમુખનો હોદો સોપ્યો હતો અને તેમને પ્રમુખના સ્થાને બિરાજમાન કરાવ્યા હતાં.

સમારોહમાં ઉપસ્થિત જિલ્લા વિકાસ અધિકારી પ્રશસ્તિબેન પરીકે તેમના પ્રાસંગીક ઉદબોધનમાં નવા વરાયેલા પ્રમુખ બિપેન્દ્રસિંહ સી. જાડેજા, કારોબારી સમિતિની સમગ્ર ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી તથા ઉદ્યોગકારોને સાથ સહકાર આપવા અને શહેરના વિકાસમાં સરકાર તરફથી સહકાર આપવા ખાત્રી આપી હતી અને પ્રમુખ બિપેન્દ્રસિંહ સી. જાડેજા, તત્કાલીન પૂર્વ પ્રમુખ તુલસીભાઈ વી. ગજેરાએ તથા માનદ ઓડીટર સુધીરભાઈ વછરાજાનીએ મોમેન્ટો અર્પણ કર્યા.

## કાર્યક્રમમાં કબીર લહેર તળાવ અંતર્ગત ચેક અર્પણ

સમારોહમાં થયેલ જાહેરાત અનુસાર સરકારના સુઝલામ સુફલામ જળ સંચય યોજના અંતર્ગત જામનગર ચેમ્બર, વિવિધ સંલગ્ન એસોસીએશન તથા સહકારી બેન્કોના સહયોગથી કબીર લહેર તળાવને ઉંડુ ઉતારી તેમના કાંઠા વધારવાની કામગીરી જામનગર ચેમ્બરના નેજા હેઠળ શરૂ થયેલ છે તેમાં ધી નવાનગર કો-ઓપરેટિવ બેન્ક લિ. દ્વારા રૂા. 3 લાખનો ચેક બેન્કના મેનેજિંગ ડાયરેક્ટર તથા અન્ય ડાયરેક્ટરોના હસ્તે ચેમ્બરના નવ નિર્વાચિત પ્રમુખ બિપેન્દ્રસિંહ સી. જાડેજાને અર્પણ કરવામાં આવ્યો તથા ધી કોમર્શિયલ કો-ઓપરેટિવ બેન્ક લિ. દ્વારા રૂા. 1 લાખનો ચેક આપવામાં આવેલ હતો.